કેગના મામલે સંસદમાં ભારે હોબાળો

નવી દિલ્હી,તા. ૨૧

કોલસા બ્લોકની ફાળવણીના મામલે કેગના અહેવાલ મુજબ સંસદમાં આજે જોરદાર હોબાળો થયો હતો. જેથી સંસંદના બંને ગૃહોની કામગીરી દિવસભર માટે મોકુફ કરી દેવામાં આવી હતી. ઈદ બાદ સંસદની કામગીરી આજે શરૂ થઈ હતી. પરંતુ કોલસા કૌભાંડના મામલામાં નવો ખુલાસો થયા બાદ વડાપ્રધાન મનમોહનસિંહના રાજીનામાની માંગણી વિપક્ષ દ્વારા કરવામાં આવી હતી અને ભારે હોબાળો રહ્યો હતો. સૌથી પહેલા સંસદની કામગીરી ૧૧.૦૦ વાગે એક કલાક માટે મોકુફ કરવામાં આવી હતી. ૧૨.૦૦ વાગે લોકસભાની કાર્યવાહી ફરી શરૂ થવાની સાથે જ ધાંધલ ધમાલ શરૂ થઈ ગઈ હતી. જેના કારણે સ્પિકરને લોકસભાની કાર્યાવહી દિવસભર માટે મોકુફ કરી દેવાની ફરજ પડી હતી. રાજયસભામાં ૧૨.૦૦ વાગ્યા પહેલા પીજે કુરીયનની સહમતીથી નાયબ અધ્યક્ષ તરીકે ચુંટણી કરાવમાં આવી હતી. ત્યારબાદ ધાંધલ ધમાલ થઈ હતી. જેથી કાર્યવાહીને મોકુફ કરી દેવામાં આવી હતી. સંસદીય મામલાઓના પ્રધાન પવનકુમાર બંસલે સમગ્ર મામલામાં શરતી ચર્ચાની માંગણી કરી છે પરંતુ વિરોધપક્ષ વડાપ્રધાનના રાજીનામાની માંગણી ઉપર મક્કમ છે. કોલસા ખાણની ફાળવણી પર સીએજીએ પ્રશ્નો ઉઠાવીને પોતાના અહેવાલમાં કહ્યું હતું કે જે રીતે ખાણ ખાનગી

કંપનીઓને આપવામાં આવી હતી તેનાથી દેશના ખાજાનાને ૧.૮૬ લાખ કરોડનું નુકશાન થયું હતું. કેગના અહેવાલ મુજબ કોલસા બ્લોકની ફાળવણીમાં થયેલા કૌભાંડનું સૌથી મોટા કૌભાંડ તરીકે ગણાવવામાં આવે છે. આ પહેલા ૧.૭૬ લાખ કરોડના ટુજી કૌભાંડની બાબત સપાટી ઉપર આવી હતી. કોલસા બ્લોક ફાળવણી કૌભાંડને ટુજી કૌભાંડ કરતા પણ મોટા કૌભાંડ તરીકે ગણવામાં આવે છે. કેગના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ઘણી બેદરકારી સ્પષ્ટ પણે દેખાઈ આવે છે. સંસદમાં શુક્રવારના દિવસે કોલસા બ્લોક ફાળવણી મામલે કેગનો અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો. જેમાં જણાવવામાં આવ્યું હતું કે વર્ષ ૨૦૦૪થી ૨૦૦૯ વચ્ચેના ગાળામાં કોલાસા બ્લોક આપવાના મામલામાં અનિયમિતતા દર્શાવવામાં આવી હતી. કેગે પોતાના અહેવાલમાં ૨૫ કંપનીઓના નામનો ઉલ્લેખ કર્યો છે. કોલસા કૌભાંડમાં વડાપ્રધાનના નામ પણ આવ્યું છે.

બેંક યુનિયનો આજથી બે દિવસની હડતાળ પર

નવી દિલ્હી,તા. ૨૧

જાહેર ક્ષેત્રની બેંકોના કર્મચારીઓ આવતીકાલથી બે દિવસની હડતાળ ઉપર ઉતરી રહ્યા છે. બેંક યુનિયનોની આ હડતાળના કારણે બેંક સેવા સંપૂર્ણપણે ખોરવાઈ જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. બેંકીંગ સેક્ટરમાં સૂચિત સુધારા અને નોકરીના આઉટ સોર્સિંગ સામેના વિરોધમાં બેંક યુનિયનો હડતાળ ઉપર જવાનો નિર્ણય કરી ચૂક્યા છે. હડતાળ ન પડે તે માટે તમામ પગલા લેવાયા હતા પરંતુ તેમા સફળતા મળી ન હતી. યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયને બે દિવસની હડતાળ ઉપર જવાનો નિર્ણય કર્યો છે. કારણ કે આજે સવારે ચીફ લેબર કમિશન દ્વારા બોલાવામાં આવેલી સમાધાન મંત્રણા નિષ્ફળ ગઈ હતી. યુએફબીયુમાં પાંચ કર્મચારી યુનિયને અને ચાર ઓફિસર યુનિયનો સામેલ છે.

યુનાઈટેડ ફોરમ ઓફ બેંક

યુનિયન (યુએફબીયુ) દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે કે ૨૨ અને ૨૩મી ઓગસ્ટના દિવસે હડતાળ પાડવામાં આવશે. યુનિયને એક નિવેદન જારી કરીને આ મુજબની વાત કરી છે. યુએફબીયુ પાંચ એમ્પ્લોઈ યુનિયન અને ચાર ઓફિસર યુનિયનના છત્ર સંગઠન તરીકે છે. ચીફ લેવર કમીશનરે હડતાળની નોટિસના મામલે આજે મહત્વપૂર્ણ મિટીંગ મોડેથી બોલાવી છે. યુએફડીયુ સૂચિત બેંકીંગ સેક્ટરના સુધારાની વિરુદ્ધમાં છે. સાથે સાથે ખાંડેલવાલ કમીટિના અહેવાલને એક પક્ષીય રીતે લાગુ કરવાનો પણ યુનિયનો વિરોધ કરી રહ્યા છે. બેંકીંગ સુધારા પગલાં પ્રતિકૂળ અસર કરશે પરંતુ સરકાર આ દિશામાં આગળ વધી રહી છે. સંસદ સમક્ષ રહેલા બેંકીંગ કાયદા સુધારા બિલમાં એવી ઘણી જોગવાઈ છે જે અડચણરૂપ છે. આમા સંબંધિતોના મતદાનના અધિકારને ખાનગી બેંકોમાં ૧૦ ટકાથી વધારીને ૨૬ ટકા કરવાની બાબતનો સમાવેશ થાય છે. દેશભરમાં જાહેર ક્ષેત્રની બેંકોની ૮૭૦૦૦ શાખાઓ છે. જેથી બેંકીંગ સેવાના માઠી અસર થઈ શકે છે. કેન્દ્ર દ્વારા નિમવામાં આવેલી ખાંડેલવાલ પેનલે સમયબદ્ધ રીતે નોન કોર એક્ટિવિટીના વધુ આઉટ સોર્સિંગ ઉપર ભાર મૂક્યો હતો. સાથે સાથે ઘણા અન્ય સુધારા પણ સૂચવ્યા હતા. આ સમીતિએ જે સુધારા સુચવ્યા હતા તેમાં એક સુધારો એવો હતો કે ક્લાર્ક અને પેટા સ્ટાફ માટે લઘુતમ લાયકાત ગ્રેજ્યુએશન અને ધોરણ ૧૦ સુધીની ક્રમશ હોવી જોઈએ. દરમિયાન ઈંગ્લેન્ડ બેંકે મુંબઈ સ્ટોક એક્ષ્ચેન્જમાં રજુ કરેલી રજુઆતમાં જણાવ્યું છે કે બેંકના કર્મચારીઓનું એક વર્ગ હડતાળ ઉપર જશે. દરમિયાન ચૈન્નઈમાં યુએફબીયુ તમિલનાડુના ટર્મિનર સીએમ ભાસ્કરને કહ્યું છે કે સરકાર બેંકિંગ સુધારા કરતા આગળ વધવા જઈ રહી છે. જેથી ભારતમાં જાહેર ક્ષેત્રોની બેંકનો અસર થશે. બેંકિંગ કાયદા સુધારા વિરૂદ્ધ ૨૨મી ઓગસ્ટના દિવસે લોકસભામાં રજુ કરવાના આવનાર છે. વિરોધ કરવામાં આવ્યો હોવા છતાં સરકાર આ બીલ રજુ કરવા જઈ રહી છે. જે યુનિયનોએ આ હડતાળની હાકલ કરી છે તેમાં ઓલ ઈન્ડિયા બેંક ઓમ્પ્લોઈઝ એસોશીએશન, ઓલ ઈન્ડિયા બેંક ઓફિસર્સ કન્ફડરેશન, નેશનલ કન્ફડરેશન ઓફ બેંક એમ્પ્લોઈ, ઓલ ઈન્ડિયા બેંક ઓફિસર્સ એસોશીએસન, બેંક એમ્પ્લોઈઝ ફેડરેશન ઓફ ઈન્ડિયા, ઈન્ડિયા નેશનલ બેંક એમ્પ્લોઈઝ ફેડરેશન, ઈન્ડિયન નેશનલ બેંક ઓફિસર્સ કોંગ્રેસ, નેશનલ ઓર્ગેનાઈઝેશન ઓફ બેંક વર્કર્સ અને નેશનલ ઓર્ગેનાઈઝેશન ઓફ બેંક ઓફિસર્સનો સમાવેશ થાય છે. આ તમામ યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયનના ભાગરૂપે છે. સમાધાન મંત્રણા નિષ્ફળ ગઈ હતી. કારણ કે સરકાર અને આઈબીએ દ્વારા માંગણીનો યોગ્ય જવાબ આપવામાં આવ્યો નથી. નવ યુનિયનો અને ઈન્ડિયન બેંક એસોસીએશનના પ્રમુખ મિટિંગમાં ઉપસ્થીત રહ્યા હતા.

સમાચાર ઝલક

- રૂા.૧૦૦૦/- લઘુત્તમ માસિક પેન્શન અંગે વિચારણા
- સોમનાથના દરિયા કિનારે હાથપગ બાંધેલ હાલતમાં મહેસાણાનો યુવાન મળ્યો.
- ૨૦૧૧માં માર્ગ દુર્ઘટનામાં ૧,૩૬,૦૦૦નાં મોત થયા.
- માંગરોળ (સૌરાષ્ટ્ર)માં આઇસ્ક્રીમ ખાધા બાદ ૧૮ને ઝાડા ઉલ્ટી.
- સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રીયલ સિક્યુરીટી ફોર્સના જવાનોએ દેશના એરપોર્ટ પર ૨૦૦ કરોડની સોનાની દાણચોરી કરી.
- તા.૨૨-૨૩મી ઓગષ્ટે બેંકોની હડતાળ.
- સુદાનમાં વિમાન તૂટી પડતાં મંત્રી સહિત ૩૧નાં મોત.
- સલમાનખાનની 'એક થા ટાઇગર' ફિલ્મે સૌથી ઝડપી ૧૦૦ કરોડની કમાણી પાર કરી.
- આસામની હિંસા હીજરતને પગલે પાંચથી વધુ એસ.એમ.એસ. કરવા પર બાન.
- ફિલ્મ અભિનેતા સંજય દત્તે જર્મનીમાં ઘૂંટણની સારવાર લીધી.
- 'કૌન બનેગા કરોડપતિ'નું ૭મી સપ્ટેમ્બરથી સોની ટીવી ચેનલ પર પ્રસારણ.
- આસામ હિંસાના કારણે આધુનિક ભારતમાં સૌથી મોટા પાયે હિજરત, પાંચ લાખ લોકોએ હિજરત ભણી.
- હાય રે મંદી !!! મુસાફરોના અભાવે અમદાવાદથી ઉપડતી ૧૧ ફ્લાઇટો બંધ.
- આસામમાં ઇ.સ. ૧૫૨૮માં રાઇના તેલનો ૪૮૪ વર્ષથી ઝળહળતો દીવો.
- નવેમ્બર-જાન્યુઆરીમાં રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય યોગ સ્પર્ધા ગુજરાતમાં.
- કચ્છ-ભૂજ, ગાંધીધામમાં અંધારપટ રહ્યો.

અમિતાભ બચ્ચન ફેસબુક ઉપર પણ છવાયા

મુંબઈ, તા. ૨૧

બોલિવુડના શહેનશાહ અમિતાભ બચ્ચને સોશ્યીલન નેટવર્કિંગ સાઈટ ટ્વીટર બાદ ફેસબુક ઉપર પણ છવાઈ ગયા છે. ફેસબુક ઉપર એન્ટ્રી થવાની સાથે જ ચાહકોની પ્રથમ પસંદગી બની ગયા છે. ફેસબુક ઉપર બીગબીને આઠ લાખ લોકોએ પસંદ કર્યા છે. અમિતાભ પણ મળેલા પ્રતિસાદથી ખુબ જ પ્રભાવિત છે. અડધા કલાકના ગાળામાં જ અમિતાભ ઉપર લાખોએ પસંદગી ઉતારી છે. બીગબી ટ્વીટર ઉપર પહેલાથી જ લોકપ્રીય છે. તેમના ૩૩ લાખથી પણ વધારે ફોલોવર્સ છે. અમિતાભ ઉપરાંત બોલિવુડના ટાઈગર સલમાન, કિંગ શાહરૂખ ખાન, અક્ષય કુમાર અને રીતીક રોશન ફેસબુક પર પહેલાથી જ છે. તેમણે કહ્યું હતું કે "યિપ્પી" હું ફેસબુક પર સામેલ થઈ ગયો છં. માત્ર અડધા કલાકમાં અંદાજે આઠ લાખ લોકોએ મારા પેજને 'લાઈક' કર્યું છે. મિત્રો જોડાતાં રહો. બિગ બીએ ફેસબુક પર પોસ્ટ કરેલાં પોતાના સ્વાગત વિડિયોમાં કહ્યું હતું કે, મિત્રો હું તમને પોસ્ટ કરેલાં પોતાના

સ્વાગત વિડિયોમાં કહ્યું હતું કે, મિત્રો હું તમને બતાવવા માંગુ છું કે હું ફેસબુક પર સામેલ થઈ ગયો છું.

આ એક સ્વાગત યોગ્ય ડિવાઈસ છે. જે રીતે ડીજીટલ વિશ્વા આગળ વધી રહી છે. તે અવિશ્વસનીય છે. બિગ બીએ વધુમાં કહ્યુંહતું કે, હું આશા રાખું છું કે બ્લોગ, ટ્વીટર પછી ફેસબુક મારફતે પણ મારા શુભેચ્છકો સાથે જોડાઈ શકીશ. આ દ્વારા આગામી સમયમાં એકબીજાની જોડાયેલા રહીશું. ગઈકાલે બિગ બીએ કહ્યું હતું કે, તેઓ ફેસબુક પર સામેલ થઈ શકે છે. બિગ બીના ફેસબુક પેજ સાથે ૭૮૨૦૩૨ લોકો જોડાઈ ગયા છે. જ્યારે ૮૦ હજારથી વધુ લોકો આ અંગે ચર્ચા કરી રહ્યા છે. દરરોજ બ્લોગ લખનાર અને ટ્વીટ કરતાં બિગ બી એ કહ્યું હતું કે, આ ઉત્તમ માધ્યમ મારફતે તેમના પ્રશંસક તેમના વિચારો પણ જાણી શકાશે. તે ક્યાં જાય છે, શું કરે છે અને શું પસંદ કરે છે. અંદાજે ૯૦ કરોડથી વધુ લોકોના દિલ પર રાજ કરનાર ફેસબુકના સભ્યોએ બિગ બીનું મન મૂકીને સ્વાગત કર્યું હતું. બિગ બીના ફેસબુક સાથે જોડાયેલ વિડિયોને અત્યાર સુધીમાં ૩૦૭૪ લોકોએ લાઈક કર્યું છે. ૮૫૩ લોકોએ ટિપ્પણીમાં સ્વાગત કર્યું છે. ૫૬૮ લોકોએ વિડીયોને શેયર કર્યા છે.

માર્ગ અકસ્માતમાં છ શ્રદ્ધાળુના કરુણ મોત

ગુડગાંવ,તા. ૨૧

દિલ્હી-જયપુર રાષ્ટ્રીય રાજમાર્ગ ઉપર આજે વહેલી સવારે થયેલા અકસ્માતમાં ઓછામાં ઓછા છ લોકોના મોત થયા છે જેમાં એક બાળકનો પણ સમાવેશ થાય છે. બોલેરો કાર હાઈવે પર કેન્ટર સાથે ટકરાઈ જતાં આ દુર્ઘટના સર્જાઈ હતી. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે ભોગ બનેલા તમામ લોકો બોલેરોમાં મુસાફરી કરી રહ્યા હતા. બિલાસપુરના એસએચઓ બાબુલાલે માહિતી આપતા કહ્યું છે કે આ શ્રદ્ધાળુઓ રાજસ્થાનના બાલાજી મંદિરમાંથી દર્શન કરીને દિલ્હીના સુલતાનપુરી વિસ્તારમાં જઈ રહ્યા હતા. તેમની કાર ગુંડગાવથી ૨૭ કિલોમીટરના અંતરે બિલાસપુર ચોક પહોંચી ત્યારે કેન્ટર સાથે ટકરાઈ ગઈ હતી. આ અકસ્માતમાં બાળક સહિત છ લોકોના ઘટના સ્થળે જ મોત થઈ ગયા હતા. પોલીસે કહ્યું છે કે આ વાહનમાં ૧૩ યાત્રીઓ મુસાફરી કરી રહ્યા હતા. ઘાયલ થયેલા સાત લોકો પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. તમામને જુદી જુદી ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. મોતનો આંકડો વધવાની દહેશત દેખાઈ રહી છે. અન્ય એક પોલીસ અધિકારીએ કહ્યું છે કે મૃતકોની ઓળખવીધી કરવાના પ્રયાસો પણ હાથ ધરવામાં આવ્યા છે. અકસ્માતના મામલામાં પોલીસે તપાસ હાથ ધરી છે.

મારૂતીના માનેસર પ્લાન્ટમાં પ્રોડક્શન આખરે ફરીથી શરૂ

માનેસર,તા. ૨૧

મારૂતી સુઝુકી ઈન્ડિયાએ તેના માનેસર પ્લાન્ટને આજે ફરી ખોલી દેતા છેલ્લા ઘણા દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે માનેસર પ્લાન્ટને ખોલી દેવામાં આવતા કર્મચારીઓમાં પણ ઉત્સાહ જોવા મળ્યો હતો. લોકઆઉટની સ્થિતિ આશરે એક મહિના સુધી રહી હતી. હિંસા ભડકી ઉઠ્યા બાદ કંપનીના એક સિનીયર અધિકારીનું મોત થયું હતું અને ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. કર્મચારીઓ અને મેનેજમેન્ટના લોકો વચ્ચે મારામારી થયા બાદ પ્લાન્ટને બંધ કરવાનો નિર્ણય લેવાયો હતો. ઘણા કર્મચારીઓની હકાલપટ્ટી પણ કરવામાં આવી હતી. સઘન સુરક્ષા અને ભારે વરસાદ વચ્ચે પ્લાન્ટમાં પ્રવેશ કરવા ફેક્ટરી ગેટની બહાર વર્કરો લાઈનમાં ઊભા રહ્યા હતા. હરિયાણા પોલીસે ૫૦૦ જવાનો ઉપલબ્ધ કરાવ્યા છે. જે પૈકી ૨૦૦ પ્લાન્ટની અંદર રહેશે જ્યારે ૩૦૦ આ પ્લાન્ટની આસપાસ તૈનાત કરવામાં આવ્યા છે. ઉપરાંત કંપનીએ તેની પોતાની સ્પેશિયલ ફોર્સની રચના કરી છે જેમાં ૧૦૦ જેટલા સુરક્ષા જવાનો હશે. આમા એક્સ સર્વિસમેનનો પણ સમાવેશ થાય છે. કંપનીએ અગાઉ જાહેરાત કરી હતી કે આશરે ૩૦૦ વર્કરો કામ પુનઃ શરૂ કરશે. વર્કરોની હવે માત્ર એક જ સીફ્ટ ચાલશે જે સવારે ૮ વાગ્યાથી શરૂ થશે અને સાંજે ૪.૩૦ વાગ્યા સુધી ચાલશે. શરૂઆતમાં પ્લાન્ટની સામાન્ય ક્ષમતા દરરોજની ૧૫૦૦થી ૧૭૦૦ યુનિટના બદલે દરરોજ ૧૫૦ કાર તૈયાર થશે. પ્રોડક્શ પણ ત્યારબાદ ધીમે ધીમે વધારવામાં આવશે. આ પ્લાન્ટની ક્ષમતા વાર્ષિક ૫.૫ લાખ યુનિટની આસપાસ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૧મી જુલાઈના દિવસે માનસર પ્લાન્ટમાં લોકઆઉટની જાહેરાત કરાઈ હતી. ૧૮મી જુલાઈના દિવસે તેના ઈતિહાસની સૌથી ખતરનાક હિંસા ભડકી ઊઠી હતી જેમાં એકનું મોત થયું હતું અને ૧૦૦ કર્મચારીઓ ઘાયલ થયા હતા. પ્લાન્ટને ૧૦ કરોડથી વધુનું નુકશાન થયું હતું. એકંદરે પ્રોડક્શન નુકસાનનો આંકડો ૧૪૦૦ કરોડની આસપાસ પહોંચી ગયો છે. મારૂતી સુઝુકી ઈન્ડિયાએ પ્લાન્ટની અંદર હિંસામાં સંડોવાયેલા ૫૦૦ કાયમી કર્મચારીઓની હકાલપટ્ટી કરી દીધી છે.

લોકપાલના મામલે લોકોને ગેરમાર્ગે દોરવાનો આક્ષેપ

નવી દિલ્હી,તા. ૨૧

સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હઝારેએ આજે આક્ષેપ કર્યો હતો કે વડાપ્રધાન મનમોહનસિંહ લોકપાલના મામલે લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. અણ્ણાએ કહ્યું છે કે યુપીએ સરકારની યોજનાઓ અંગે લોકોને માહિતી આપવા આગામી બે-ત્રણ મહિનામાં દેશમાં પ્રવાસ કરશે. જો કે કોઈ પક્ષમાં સામેલ થવાનો અણ્ણાએ ઈન્કાર કર્યો હતો. રાજકીય પક્ષોની અંદર સર્વસંમતિ નથી તેવી વાત કરીને લોકો સાથે ચેડા કરવામાં આવી રહ્યા છે. યુપીએ ઈચ્છે તો લોકપાલને પાસ કરી શકે છે. તેમના બ્લોગમાં અણ્ણા હઝારેએ કહ્યું છે કે સર્વસંમતિ સાધવાના ગંભીરતાપૂર્વક પ્રયાસ કરાયા નથી. રાષ્ટ્રપતિની ચૂંટણીવેળા સર્વસંમતિ સાધવાના ગંભીર પ્રયાસો કરાયા હતા જેના પરિણામ સ્વરૂપે યુપીએના ઉમેદવાર ચૂંટણી જીતી જવામાં સફળ રહ્યા હતા. સ્વતંત્રતા દિવસના ભાષણમાં મનમોહનસિંહે કરેલા નિવેદનનો ઉલ્લેખ કરતા અણ્ણાએ કહ્યું હતું કે મનમોહનસિંહે લોકપાલ મામલે સર્વસંમતિ નથી તેવી વાત કરી હતી પરંતુ આ બાબત ગેરમાર્ગે દોરનાર છે. હઝારેએ કહ્યું હતું કે ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનને આગામી દિવસોમાં પણ ફરી તીવ્ર બનાવવામાં આવશે. અણ્ણાએ એમ પણ કહ્યું છે કે જનલોકપાલના મામલે લડત આગળ વધશે. હઝારેએ જાહેરાત કરી હતી કે લોકપાલના મુદ્દે સરકારે જે વર્તન કર્યું છે તે મુદ્દે માહિતી આપવા આગામી બે-ત્રણ મહિનાઓમાં તેઓ દેશમાં પ્રવાસ કરશે. તેઓ કોઈપણ પક્ષમાં સામેલ થશે નહીં અથવા તો ચૂંટણી લડશે નહીં પરંતુ દેશ માટે રાજકીય વિકલ્પ આપવા કામ કરશે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પ્રોજેક્ટોમાં વિલંબથી અભૂતપૂર્વ નુકશાન

નવી દિલ્હી,તા. ૨૧

દેશમાં જુદા જુદા કારણોસર મેગા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટોને અમલી બનાવવામાં વિલંબના પરિણામ સ્વરૂપે તેમના મૂળભૂત ખર્ચના અંદાજમાં ૫૨૪૪૬ કરોડ રૂપિયાનો જંગી વધારો થઈ ચૂક્યો છે. ખર્ચના અંદાજમાં ૩૬ ટકા સુધીનો ઉલ્લેખનીય વધારો થયો છે. સત્તાવાર આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ૩૧મી મે ૨૦૧૨ સુધી ખર્ચનો આંકડો ૧૪૫૨૭૧ કરોડથી વધીને ૧૯૭૭૧૬ કરોડ સુધી પહોંચી ગયો છે. તેમાં ૩૬ ટકા સુધીનો વધારો થયો છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટોમાં વિલંબને લઈને સરકાર પાસે પણ કોઈ જવાબ નથી. સરકાર દ્વારા જુદી જુદી દલીલો આપવામાં આવી રહી છે પરંતુ આના લીધે બોજ વધી રહ્યો છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટોમાં વિલંબથી સરકાર ઉપર જ અભૂતપૂર્વ બોજ વધ્યો છે. ૨૮ પાવર પ્રોજેક્ટ, ૩૬ રેલવે પ્રોજેક્ટ અને માર્ગપરિવહન અને રાજમાર્ગ મંત્રાલયની ૮૪ સ્કીમો સાથે સંબંધિત ખર્ચમાં અભૂતપૂર્વ વધારો થઈ ચૂક્યો છે. રેલવે સાથે સંબંધિત ખર્ચનો આંકડો અનેકગણો વધી ગયો છે. તેના ૩૬ પ્રોજેક્ટોનો કુલ મૂળભૂત ખર્ચ ૨૫૦૮૯ કરોડ હતો જે હવે વધીને ૬૨૪૮૩ કરોડ સુધી પહોંચી ગયો છે. જમ્મુ કાશ્મીરમાં ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ લાઈન સહિત વિલંબમાં રહેલા પ્રોજેક્ટોનો ખર્ચ વધ્યો છે. અહીં પ્રોજેક્ટ ખર્ચમાં ૭૦૦ ટકાનો જંગી વધારો થયો છે અને આંકડો વધીને ૧૭૫૦૦ કરોડ સુધી પહોંચી ગયો છે. માર્ચ ૧૯૯૫માં મૂળભૂત રીતે આને મંજૂરી આપવામાં આવી હતી. આવી જ રીતે ઉત્તર પૂર્વમાં ઈન્ફાલ રેલ પ્રોજેક્ટને એપ્રિલ ૨૦૦૩માં મંજૂરી આપવામાં આવી હતી. તેનો ખર્ચ ૫૧૦ ટકા વધીને ૩૭૧૬ કરોડ સુધી પહોંચી ગયો છે. જ્યાં સુધી પાવર પ્રોજેક્ટોની વાત છે ૨૮ પ્રોજેક્ટોનો મૂળભૂત ખર્ચ ૮૬૬૮૧.૮ કરોડ રૂપિયા હતો જે વધીને હવે ૯૯૬૫૪ કરોડ સુધી પહોંચી ગયો છે. ઉપરાંત માર્ગ પરિવહનના ૮૪ માર્ગપ્રોજેક્ટોનો ખર્ચ ૨૦૭૮ કરોડ સુધી વધીને ૩૫૫૭૮ કરોડ સુધી પહોંચી ગયો છે.

ઉદાસીનતા જવાબદાર

- મેગા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટોના અમલીકરણમાં વિલંબ થતાં અભૂતપૂર્વ નુકસાન
- ખર્ચના અંદાજમાં ૩૬ ટકા સુધીનો વધારો
- મૂળભૂત ખર્ચના અંદાજમાં ૫૨૪૪૬ કરોડનો વધારો
- ૨૮ પાવર પ્રોજેક્ટ, ૩૬ રેલવે પ્રોજેક્ટ અને ૮૪ માર્ગ પ્રોજેક્ટો સાથે સંબંધિત ખર્ચમાં અનેકગણો વધારો થયો
- રેલવેના ૩૬ પ્રોજેક્ટોમાં મૂળભૂત ખર્ચનો અંદાજ ૨૫૦૮૯ કરોડ હતો જે વધીને ૬૨૪૮૩ કરોડ થયો છે
- પાવર પ્રોજેક્ટો ૨૮ છે જેમાં કુલ મૂળ ખર્ચ ૮૬૬૮૧.૮ કરોડ હતો જે વધીને હવે ૯૯૬૫૪ કરોડ સુધી પહોંચ્યો છે
- ૮૪ માર્ગ પ્રોજેક્ટોના ખર્ચમાં ૨૦૭૮ કરોડનો વધારો થતાં ખર્ચનો અંદાજ ૩૫૫૭૮ કરોડ સુધી થઈ ગયો છે
- ભારે ઉદાસીનતા મુખ્ય રીતે જવાબદાર છે

પારિજાત (પાના નં. ૪ નું ચાલુ)

- તમારી વચ્ચે અવકાશના વાયુને વિહરવા દેજો.
- તમે પરસ્પર ચાહજો ખરાં પણ તમારા પ્રેમની બેડી ના બનાવશો.
- સાથે ગાજો, નાચજો, અને હર્ષથી ઉભરાજો પણ બેય એકાકી રહેજો.
- જેમ વીણાના તારો એક જ સંગીતથી કંપતા હોવા છતાં પ્રત્યેક છૂટો રહે છે તેમ.
- અને સાથે ઊભાં રહેજો પણ એકબીજાની અડોઅડ નહીં.
- જૂઓ મંદિરના થાંભલા અલગ અલગ જ ઊભાં રહે છે.
- અને દેવદાર અને સાગ એકબીજાની છાયામાં ઊગતાં નથી.''

પતિ-પત્ની એકબીજાની નાની - નાની વાતોની કાળજી રાખે. તેમ છતાં એકબીજાને મોકળાશ પણ આપે, પતિ અને પત્ની એકબીજાના સન્માનનો ખ્યાલ રાખે અને બીજાને પણ આપણા જેટલું જ સ્વમાન વહાલું છે એવું સમજીને ચાલે, એવા દાંપત્યજીવનની સુવર્ણજયંતિ ઉજવાય ત્યારે એમાં સામેલ થવાની આપણને પણ મજા આવે. અને સપ્તપદીના મંત્રો સાચા અર્થમાં ગૂંજી ઊઠે.

"રજનીગંધા ફૂલ તુમ્હારે મહેંકે યૂં હી જીવન મેં
હાં, યૂંહી મહેકે પ્રિત પિયાકી મેરે અનુરાગી મનમેં."

એસએમએસ પર પ્રતિબંધથી ૭-૮ ટકાનો મહેસૂલી ફટકો

ઉત્તર-પૂર્વીય લોકોની મોટાપાયે હિજરતના પરિણામ સ્વરૂપે સાવચેતીના પગલાં રૂપે સરકારે હાલમાં જ એસએમએસ ઉપર નિયંત્રણો લાદવાનો નિર્ણય કર્યો હતો. આ નિયંત્રણના કારણે છેલ્લા સપ્તાહથી લાખો મોબાઈપ ફોન ધારકોને સમસ્યા નડી રહી નથી બલ્કે ટેલિકોમ ઓપરેટરોને પણ અસર થઈ રહી છે. એસએમએસ ઉપર નિયંત્રણોના પરિણામ સ્વરૂપે મોબાઈલ કંપનીઓને ૭-૮ ટકા મહેસૂલી નુકસાન થવાનો અંદાજ છે. સરકારે ૧૮મી ઓગસ્ટથી દેશભરમાં ૧૫ દિવસ માટે વધુ સંખ્યામાં એસએમએસ અને એમએમએસ ઉપર પ્રતિબંધ મૂકી દીધો હતો. ઉત્તર પૂર્વીય રાજ્યોમાંથી લોકોની મોટાપાયે હિજરતને રોકવાના હેતુસર આ પગલાં લેવામાં આવ્યા હતા. ઉત્તર પૂર્વીય રાજ્યના ઉપર હુમલા થશે તેવી દહેશત અફવાઓ બાદ ફેલાઈ હતી જેના લીધે બેંગ્લોર, હૈદરાબાદ અને પૂણેમાંથી લોકોની હિજરત થઈ હતી. ૧૫ દિવસનો પ્રતિબંધનો મતલબ એ થયો કે આશરે ૮ ટકા સુધી મહેસૂલી નુકશાન થશે. સોલ્યુલર ઓપરેટર્સ એસોસીએશન ઓફ ઈન્ડિયા દ્વારા આ મુજબની કબૂલાત કરવામાં આવી છે.

જુલાઇમાં રીટેઇલ ફુગાવો ઘટી ૯.૮૬ ટકા

નવી દિલ્હી,તા. ૨૧

અનાજ અને મસાલાની કિંમતોમાં ઘટાડાના પરિણામ સ્વરૂપે જુલાઈ મહિનામાં રીટેઈલ ફુગાવો ઘટીને ૯.૮૬ ટકા થઈ ગયો છે. અલબત્ત જુલાઈ મહિના દરમિયાન શાકભાજીના ભાવ હજુ પણ ખુબ ઉંચી સપાટી પર છે. કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્ષ (સીટીઆઈ) ઉપર આધારીત જુન મહિના માટેનો ફુગાવો ૯.૯૩ ટકા હતો જે અગાઉ ૧૦.૦૨ ટકા હતો.

આજે જારી કરવામાં આવેલા સરકારી આંકાડમાં આ મુજબની વાત કરવામાં આવી છે. વાર્ષીક આધાર પર શાકભાજીના ભાવમાં સૌથી વધારે ૨૭.૩૩ ટકાનો વધારો થયો છે. જ્યારે ખાદ્ય તેલની કિંમતમાં ૧૭.૩૭ ટકાનો વધારો નોંધાયો છે. જ્યારે કઠોળની કિંમતમાં ૧૨.૪૯ ટકાનો વધારો થયો છે. બીજી બાજુ ઈંડા, ફિશ અને માંસની કિંમતમાં વાર્ષીક આધાર પર ૧૧.૧૧ ટકાનો વધારો થયો છે. બીન શરાબની વસ્તુમાં ૯.૨૬ ટકાનો વધારો થયો છે. ખાંડની કિંમતમાં પણ વધારો નોંધાયો છે. જુલાઈ મહિનામાં ખાંડની કિંમત ૯.૦૬ ટકા વધી ગઈ છે. જુલાઇ મહિનામાં ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં ફુગવાનો દોર ક્રમશઃ ૯.૭૬ ટકા અને ૧૦.૧૦ ટકા છે.

સુધારવામાં આવેલા આંકડા મુજબ ગ્રામીણ અને શહેરી વિસ્તારો માટેના દર જુન મહિના માટેના ક્રમશઃ ૯.૬૫ ટકા અને ૧૦.૪૪ ટકા છે. હેડલાઈન ફુગાવામાં જુલાઈ મહિનામાં હાલ ઘટાડો થયો હતો અને આંકડો ૬.૮૭ ટકા થઈ ગયો હતો. ડબલ્યુપીઆઈ ફુગાવો જુન મહિનામાં ૭.૨૫ ટકા હતો. મોંઘવારીને લઈને સામાન્ય લોકો પરેશાન થયેલા છે ત્યારે શાકભાજીની કિંમત હજી પણ ખુબ ઉંચી રહી છે. જેના કારણે લોકો પરેશાન છે. રીટેલ ફુગાવો જુલાઈ મહિનામાં ઘટ્યો છે. અનાજ, મસાલા અને તેની પ્રોડક્ટની કિંમતોમાં ઘટાડો થયો છે. ખાદ્ય તેલની